# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1. **બાંધકામ ક્ષેત્રમાં તકરારી જમીનોના પ્રશ્નના નિકાલ માટે બિલ્ડર જૂથો અને સરકારના સહિયારા પ્રયાસો પર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો.**
2. **માય હેન્ડલૂમ, માય પ્રાઈડ'ના સૂત્ર સાથે ખાદી અને વણાટકામ ક્ષેત્ર તેજ ગતિથી વિકાસ સાધી રહ્યું હોવાનું જણાવતા સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા.**
3. **દેશપ્રેમની ભાવના જગાવવા આજથી રાજ્યભરમાં હર હર તિરંગા અભિયાનનો આરંભ**
4. **અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ૧૯૯મા અર્બન ફોરેસ્ટ- ઓક્સિજન પાર્કની મુખ્યમંત્રી આજે ભેટ આપશે**
5. **ભાઇ બહેનના અતૂટ બંધનના પર્વ રક્ષાબંધન નિમિત્તે અમદાવાદમાં બહેનો માટે B.R.T.S.ની મુસાફરી નિઃશુલ્ક કરવાની જાહેરાત**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CREDAI-CM

બાંધકામ ક્ષેત્રમાં તકરારી જમીન અંગેનો મુદ્દાના ઉકેલ માટે મુખ્યમંત્રીએ બિલ્ડર્સ પાસેથી સૂચનો મંગાવ્યાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા ક્રેડાઈ ગુજરાતની 'ચેન્જ ઓફ ગાર્ડ' કાર્યક્રમ દરમિયાન અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ઈચ્છે છે કે ગુજરાતનું રિયલ એસ્ટેટ સેક્ટર નીતિ નિર્માણની પ્રક્રિયામાં રચનાત્મક સૂચનો આપીને સહભાગી બને.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

રાજ્યમાં નવું ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર્યાવરણ પ્રિય અને આધુનિક બની રહ્યું છે: ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળીશું એવા આત્મવિશ્વાસ સાથે આ સેક્ટર આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રી કહ્યું કે આપણે બાંધકામ ક્ષેત્રે ગ્લોબલ સ્ટાન્ડર્ડ સાથે આત્મનિર્ભર બનવાનું છે. આ કાર્યક્રમમાં ક્રેડાઈ ગુજરાત અને અમદાવાદના નવા હોદ્દેદારોની નિમણૂક સાથે, ગુજરાતના રિયલ એસ્ટેટ ક્ષેત્રના વિકાસ માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચેના સહકારને વધુ મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## SAHAKAR SEMINAR MINISTER JAGDISH VISHWKARAM

'માય હેન્ડલૂમ, માય પ્રાઈડ' ના સૂત્ર સાથે ખાદી અને વણાટકામ ક્ષેત્ર તેજ ગતિથી વિકાસ સાધી રહ્યું છે. આજે દેશમાં ખાદીનું ટર્ન ઓવર સવા લાખ કરોડ કરતાં પણ વધુ છે. તેમ સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું..

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલા સેવા સહકારી મંડળીઓ અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો સેમિનાર અને સંવાદ કાર્યક્રમને સહકાર રાજ્ય મંત્રીએ સંબોધન કર્યું હતું.. આ પ્રસંગે 'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરનારી સેવા સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

હરિત ક્રાંતિના પ્રણેતા ડૉ.એમ.એસ.સ્વામીનાથનની જન્મજયંતી નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું..

---

## HARGHAR TIRANGA

રાજ્યભરમાં આજથી 15 ઑગસ્ટ સુધી હરઘર તિરંગા અભિયાન યોજાશે. “હરઘર તિરંગા , હરઘર સ્વચ્છતા: સ્વતંત્રતા કા ઉત્સવ , સ્વચ્છતા કે સંગ ”ની વિષયવસ્તુ સાથે યોજાનારા અભિયાન હેઠળ સ્વચ્છતા રેલી સહિતના વિવિધ કાર્યક્રમ યોજાશે. સાંભળીએ એક અહેવાલ.

(VOICECAST – PRAVESH ADIACHA)

**(.... હર ઘર તિરંગા અભિયાન હેઠળ અમદાવાદ , રાજકોટ, વડોદરા અને સુરત ખાતે બેથી ત્રણ કિલોમીટર લાંબી ત્રિરંગા યાત્રા યોજાશે. ઉપરાંત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા યાત્રાનું પણ આયોજન કરાયું છે. તેમજ શહેરોને સ્વચ્છ રાખવા સફાઈ ઝૂંબેશ હાથ ધરાશે. જ્યારે 12થી 15 ઑગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ સ્થળ પર સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજાશે. સાથે જ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશભક્તિની વિષયવસ્તુ પર ફૅન્સી ડ્રૅસ સ્પર્ધા, તિરંગા ચિત્ર સ્પર્ધા તથા તિરંગા રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે.**

**પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)**

---

# E-CHALLAN FRAUD - DANG

ડાંગ જીલ્લામાં નકલી મોબાઇલ એપ્લિકેશન દ્વારા RTO ઇ-ચલાન અંગે ખોટી માહિતી ફેલાવી છેતરપીંડી કરનારાઓની બચવા પોલીસે લોકોને સૂચના આપી છે.

RTO e-challan અને RTO e-challan 250 નામની બે એપ્લીકેશન apk file દ્વારા મોકલીને લોકોના પર્સનલ ડેટા ચોરી કરવામાં આવી રહ્યા છે. આ અંગેની ફરિયાદ પણ વધુ પ્રમાણમાં નોંધાઈ રહી છે , ત્યારે આ ફ્રોડથી બચવા માટે ડાંગ જિલ્લા પોલીસ વડા એસ જી પાટીલે લોકોને અનુરોધ કર્યો છે.

(બાઈટ -ડાંગ જિલ્લા પોલીસ વડા એસ.જી પાટીલ)

---

# CM OXEGAN PARK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે  અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં પીપીપી ધોરણે ડેવલોપ કરવામાં આવેલા અર્બન ફોરેસ્ટ, ઓક્સિજન પાર્કનું લોકાર્પણ કરવામાં આવશે. આ અવસરે મુખ્યમંત્રી ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું અનાવરણ પણ કરશે.

લાંભા વોર્ડમાં ત્યાર થયેલા અર્બન ફોરેસ્ટ  ચાર હજાર 464  ચોરસ મીટરમાં રૂપિયા 55  લાખના ખર્ચે આ ગાર્ડન ડેવલપ કરી તૈયાર કરવામાં આવ્યો છે. મિયાવાકી પદ્ધતિથી સાગ , ખેર, વાંસ, સીરસ, સીસુ, અર્જુન વિગેરે ઇન્ડીજીનસ પ્રકારનાં કુલ આઠ હજાર જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં 250 રનીંગ મીટર લંબાઇનો વોક-વે ત્યાર કરવામાં આવ્યો છે.

મિશન ફોર મિલીયન ટ્રીઝ 2025 અંતર્ગત સમગ્ર શહેરમાં કુલ 40 લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે. જે પૈકી  6 ઓગસ્ટ 2025 સુધીમાં કુલ 26 લાખ 50 હજાર કરતાં વધુ વૃક્ષો રોપવામાં આવ્યા છે.

---

# KANU DESAI

રાજ્યના નાણાંમંત્રી તથા ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈ મહીસાગર જિલ્લામાં આયોજિત વિવિધ વિકાસાત્મક અને શાસકીય કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા . અમારા ગોધરાના પ્રતિનિધિ જણાવે છે કે તેમણે ગોધરા રેલવે સ્ટેશનથી  હરિદ્વાર-

બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસના એક સામાન્ય કોચમાં બેસીને સામાન્ય નાગરિકોની જેમ મુસાફરી કરી હતી.

તેમના સાથે રાજ્યના કેબિનેટ શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડીંડોર પણ ગોધરા રેલવે સ્ટેશન સુધી મંત્રી કનુ દેસાઈ સાથે આવ્યા હતા. આ કાર્યક્રમના સંદર્ભે શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે કહ્યું કે "પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાત્મક નેતૃત્વ હેઠળ દેશમાં નેતાઓ 'વી.આઈ.પી. કલ્ચર' છોડીને 'ઈ.પી.પી.– **Every Person is Priority'** ના સિદ્ધાંત તરફ આગળ વધી રહ્યાં છે.

---

# MAL NUTRITION PORBANDAR

પોરબંદર જિલ્લામાં કૂપોષિત બાળકને સુપોષિત બનાવવા માટે રાણાવાવ, કુતિયાણા અને પોરબંદર ખાતે બાળ કૂપોષણ સારવાર કેન્દ્ર કાર્યરત છે. ચાઈલ્ડ માલન્યૂટ્રિશન ટ્રીટ્મેન્ટ સેન્ટરમાં જિલ્લાના 514 જેટલા બાળકો તંદુરસ્ત બન્યાં છે.

બાળ સંજીવની કેન્દ્રમાં સતત 14 દિવસ સુધી બાળકોની સારસંભાળ લેવાની સાથે દર બે કલાકે પૌષ્ટીક ખોરાક આપી, વજન ઉંચાઇ માપી બોડી, પેશાબ, લોહી ચેકએપ અને શરીરનો એક્ષરે લઇ દરેક રીપોર્ટ કરાઇ છે. આ સેન્ટરમાં ન્યુટ્રીશન આસિસ્ટન્ટ, કુક અને આયા સહિત બહેનોનો સ્ટાફ બાળકોની સેવામાં સતત કાર્યરત રહે છે.

## બાઈટ- પિયુષ વાજા તાલુકા હેલ્થ ઓફિસર

---

# GEER SONGS

ગિરના દુર્લભ અને પ્રખ્યાત સિંહ જય અને વીરુની જોડીને સમર્પિત હ્રદયસ્પર્શી લોક શૈલીમાં રચાયેલું એક ભાવપૂર્ણ વિડિયો-ગીત "જય-વીરુની જોડી" તેમજ એક ડોક્યુમેન્ટરી "જય-વીરુની અમર ગાથા" નું રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ આજે લોકાર્પણ કર્યું. આ બંને સિંહોનું તાજેતરમાં અવસાન થયું છે.

પરંપરાગત સંગીત અને લોકવાદ્યોની છાયામાં તૈયાર થયેલું આ ગીત ગિરના રાજા સમાન બનેલા જય-વીરુના અતૂટ બંધન , અખૂટ શક્તિ અને અણમોલ બંધુત્વને શ્રદ્ધાંજલિ રૂપ છે. ગીતમાં જય અને વીરુનો પારસ્પરિક પ્રેમ તથા તેમની જોડીને બિરદાવનારાઓની હ્રદયની લાગણીઓ પ્રતિબિંબિત થાય છે.

જાણીતા ગાયક આદિત્ય ગઢવીએ આ ગીત અને ડોક્યુમેન્ટરીને સ્વર આપ્યો છે. ગીત અને ડોક્યુમેન્ટરીનું આલેખન જાણીતા સ્ક્રીનપ્લે લેખક અને ગીતકાર પાર્થ તારપરાએ કર્યું છે. સંગીત ભાર્ગવ અને કેદારની જોડીએ તૈયાર કર્યું છે.

---

# BRTS FREE

અમદાવાદના બીઆરટીએસ દ્વારા ભાઈ-બહેનના પવિત્ર પર્વ એવા રક્ષાબંધન નિમિત્તે બહેનોની મુસાફરી આરામદાયક અને નિઃશુલ્ક બનાવાની જાહેરાત કરવામાં આવી છે.રક્ષાબંધન નિમિતે બહેનો માટે **BRTS**માં નિઃશુલ્ક મુસાફરીની જાહેરાત કરવામા આવી છે..

ભાઈ-બહેનના અભિન્ન પ્રેમ અને જોડાણના પ્રતિકરૂપ આ તહેવાર પર બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધવા તેમની પાસે જાય છે. તેમના આ અનમોલ યાત્રાને વધુ આરામદાયક અને સરળ બનાવવાના હેતુથી અમદાવાદ જનમાર્ગ લિમિટેડ (BRTS) દ્વારા એક સરાહનીય પગલું લેવામાં આવ્યું છે.

BRTSમાં રક્ષાબંધનના દિવસે એટલે કે નવ ઑગસ્ટના રોજ સવારના છ વાગ્યાથી રાત્રિના દસ વાગીને 45 મિનીટ સુધી સુધી તમામ મહિલાઓ માટે BRTS બસોમાં મુસાફરી સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે.

આ વ્યવસ્થા માત્ર મહિલાઓ માટે જ લાગુ રહેશે. તેમની સાથે મુસાફરી કરતા અન્ય પુરુષો અથવા બાળકો માટે નિયત ભાડું ભરીને ટિકિટ લેવી ફરજિયાત રહેશે.

---